# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

https://gpssb.gujarat.gov.in

## જિલ્લા પસંદગી (ફાળવણી) કાર્યક્રમ અંગેની જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા **જાહેરાત ક્રમાંક-૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)** સંવર્ગનું ફાઇનલ સીલેકટ લીસ્ટ તા ૧૧-૦૮-૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ મંડળની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે.આ ફાઇનલ સીલેકટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા ૨૨-૦૭-૨૦૨૧ ના નોટીફીકેશન નં. KP/ 20/ 2021/ PRR/10/ 2014/106/KH થી પ્રસિધ્ધ કરવામાં આવેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો-૨૦૨૧ ની જોગવાઇ અન્વયે **રૂબરૂ ઓનસ્ક્રિન જિલ્લા પસંદગી(ફાળવણી) કાર્યક્રમમાં** નીચેની વિગતે જે તે તારીખ- સમયે મંડળની કચેરીએ અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. આ અંગે ઉમેદવારોના રજીસ્ટર્ડ ઇ-મેઇલ ઉપર પણ આ બાબતે જાણ કરવામાં આવેલ છે. ઉમેદવારે નીચે દર્શાવેલ તારીખ અને સમયે અચુક હાજર રહી નીચેની સુચના (૧) થી (૫) મુજબ જિલ્લા પસંદગી કરવાની રહેશે,જેની ખાસ નોંધ લેવી. વધુ વિગતો માટે મંડળની વેબસાઇટ જોવા વિનંતી છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | ફાઇનલ સીલેકટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે જિલ્લા ફાળવણી કાર્યક્રમની તારીખ અને સમય | | ફાઇનલ સીલેકટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના યાદી અનુક્રમ નંબર (SR.NO) |
|---|---|---|---|
| | તારીખ | સમય | |
| ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) | DAY-1 તા.૦૫-૧૦-૨૦૨૩ (ગુરૂવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૩૦૧૫ થી ૩૧૧૪ (દિવ્યાંગ ઉમેદવારો) |
| | | બપોરે ૧૨-૦૦ કલાકે | ૩૧૧૫ થી ૩૨૧૪ (દિવ્યાંગ ઉમેદવારો) |
| | | બપોરે ૧૩-૦૦ કલાકે | ૩૨૧૫ થી ૩૨૬૫ (દિવ્યાંગ ઉમેદવારો) |
| | | બપોરે ૧૫-૦૦ કલાકે | ૩૨૬૬ થી ૩૩૬૫ (માજી સૈનિક ઉમેદવારો) |
| | | બપોરે ૧૬-૩૦ કલાકે | ૩૩૬૬ થી ૩૪૩૭(માજી સૈનિક ઉમેદવારો) |
| | DAY-2 તા.૦૬-૧૦-૨૦૨૩ (શુક્રવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૧ થી ૧૦૦ |
| | | સવારે ૧૧-૩૦ કલાકે | ૧૦૧ થી ૨૦૦ |
| | | બપોરે ૧૨-૩૦ કલાકે | ૨૦૧ થી ૩૦૦ |
| | | બપોરે ૧૫-૦૦ કલાકે | ૩૦૧ થી ૪૦૦ |
| | | બપોરે ૧૬-૩૦ કલાકે | ૪૦૧ થી ૫૦૦ |
| | DAY-3 તા.૦૭-૧૦-૨૦૨૩ (શનિવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૫૦૧ થી ૬૦૦ |
| | | બપોરે ૧૨-૦૦ કલાકે | ૬૦૧ થી ૭૦૦ |
| | | બપોરે ૧૫-૦૦ કલાકે | ૭૦૧ થી ૮૦૦ |
| | | બપોરે ૧૬-૩૦ કલાકે | ૮૦૧ થી ૯૦૦ |
| | DAY-4 તા.૦૯-૧૦-૨૦૨૩ (સોમવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૯૦૧ થી ૧૦૦૦ |
| | | સવારે ૧૨-૩૦ કલાકે | ૧૦૦૧ થી ૧૧૦૦ |
| | | બપોરે ૧૫-૦૦ કલાકે | ૧૧૦૧ થી ૧૨૦૦ |
| | | બપોરે ૧૬-૩૦ કલાકે | ૧૨૦૧ થી ૧૩૦૦ |

| | | | |
|---|---|---|---|
| | **DAY-5**<br>તા.૧૦-૧૦-૨૦૨૩<br>(મંગળવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૧૩૦૧ થી ૧૪૦૦ |
| | | સવારે ૧૧-૩૦ કલાકે | ૧૪૦૧ થી ૧૫૦૦ |
| | | બપોરે ૧૨-૩૦ કલાકે | ૧૫૦૧ થી ૧૬૦૦ |
| | | બપોરે ૧૫-૦૦ કલાકે | ૧૬૦૧ થી ૧૭૦૦ |
| | | બપોરે ૧૬-૩૦ કલાકે | ૧૭૦૧ થી ૧૮૦૦ |
| | **DAY-6**<br>તા.૧૧-૧૦-૨૦૨૩<br>(બુધવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૧૮૦૧ થી ૧૯૦૦ |
| | | બપોરે ૧૨-૦૦ કલાકે | ૧૯૦૧ થી ૨૦૦૦ |
| | | બપોરે ૧૫-૦૦ કલાકે | ૨૦૦૧ થી ૨૧૦૦ |
| | | બપોરે ૧૬-૦૦ કલાકે | ૨૧૦૧ થી ૨૨૦૦ |
| | | બપોરે ૧૭-૦૦ કલાકે | ૨૨૦૧ થી ૨૩૦૦ |
| | **DAY-7**<br>તા.૧૨-૧૦-૨૦૨૩<br>(ગુરૂવાર) | સવારે ૧૦-૩૦ કલાકે | ૨૩૦૧ થી ૨૪૦૦ |
| | | સવારે ૧૧-૩૦ કલાકે | ૨૪૦૧ થી ૨૫૦૦ |
| | | બપોરે ૧૨-૩૦ કલાકે | ૨૫૦૧ થી ૨૬૦૦ |
| | | બપોરે ૧૪-૩૦ કલાકે | ૨૬૦૧ થી ૨૭૦૦ |
| | | બપોરે ૧૫-૩૦ કલાકે | ૨૭૦૧ થી ૨૮૦૦ |
| | | બપોરે ૧૬-૩૦ કલાકે | ૨૮૦૧ થી ૨૯૦૦ |
| | | સાંજે ૧૭-૦૦ કલાકે | ૨૯૦૧ થી ૩૦૧૪ |

**ઉમેદવારો માટેની સુચના:-**

(૧) ઉમેદવારે જાતે ઉપરોકત જિલ્લા પસંદગી (ફાળવણી) કાર્યક્રમમાં તેને ફાળવેલ નિયત તારીખ-સમયે અચુક હાજર રહેવાનું રહેશે. જિલ્લા પસંદગી કાર્યક્રમમાં ફકત દિવ્યાંગ ઉમેદવારોના વાલીને પ્રવેશ આપવામાં આવશે.

(૨) ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, ફોટો આઇડી પ્રુફ અને કલર પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ સાથે લાવવાનો રહેશે.

(૩) કોઇ કારણસર સબંધિત ઉમેદવાર જાતે હાજર રહી શકે તેમ ન હોય તેવી પરિસ્થિતિમાં એફીડેવીટ ઉપર ઓથોરીટી લેટર સાથે અધિકૃત કરેલ વ્યકિતને હાજર રાખી શકશે.

સદર ઓથોરીટી લેટર ઉપર ઉમેદવારનો અને જેને અધિકાર આપેલ છે તે વ્યકિતનો ફોટો ચોટાડેલ હોવો જોઇએ અને સદર બંને ફોટા ઉપર સબંધિત ઉમેદવારે સહી કરેલ હોવી જોઇએ. સદર અધિકૃત કરેલ વ્યકિત ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સબંધિત ઉમેદવારને બંધનકર્તા રહેશે.અધિકૃત કરેલ વ્યકિતએ પોતાના ઓળખપત્રની અસલ અને ઝેરોક્ષ નકલ સાથે રાખવી. ઓથોરીટી લેટર એફીડેવીટ સ્વરુપે હોવો જોઇશે.

(૪) ઉમેદવારોને ઓનસ્ક્રિન જિલ્લા ફાળવણી ઉમેદવારના મેરીટ ક્રમાનુસાર ફાઇનલ સીલેકશન એન્ડ રેકમન્ડેશન લીસ્ટમાં દર્શાવેલી ઉમેદવારની સીલેકશન કેટેગરી મુજબ ઉમેદવારનો ક્રમ આવે ત્યારે ઉપલબ્ધ જિલ્લાવાર જગ્યા અનુસાર કરવામાં આવશે. ઓનસ્ક્રીન જિલ્લા ફાળવણી માટે જ્યારે ઉમેદવારનો ક્રમ આવે ત્યારે તે સમયે ઉમેદવાર/ તેઓના ઓથોરાઇઝ પ્રતિનિધિ ફરજિયાત પણે હાજર હોવા જોઇએ, અને જો તે સમયે કોઇ ઉમેદવાર/ ઓથોરાઇઝ પ્રતિનિધિ હાજર રહેશે નહિ તો, તેવા ઉમેદવારે પોતાની ઉમેદવારી કાયમી પણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ મંડળ ધ્વારા ગ્રાહ્ય રખાશે નહિ.

(૫) ઉમેદવાર પોતે તેને ફાળવેલ નિયત તારીખ અને નિયત સમયે ઉપરોકત જિલ્લા પસંદગી (ફાળવણી) કાર્યક્રમમાં હાજર ન રહે અથવા જિલ્લા પસંદ ન કરે અથવા પસંદ કરવાનો ઇન્કાર કરે તેવા કિસ્સામાં આવા ઉમેદવારને નોકરી મેળવવામાં રસ નથી, તેમ માની આવા ઉમેદવારની પસંદગી મંડળ ધ્વારા “રદ” ગણવામાં આવશે, અને આ બાબતે મંડળનો નિર્ણય

આખરી રહેશે અને ત્યારપછી આ બાબતે કોઇ પણ દાવો/વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૬) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-**PRHRDD/MSM/e-File/14/2023/4629/section-kh** તા.૨૯-૦૯-૨૦૨૩થી મંડળને મોકલવામાં આવેલ "રીવાઇઝ માંગણાપત્રકો" મુજબ જિલ્લા પંચાયત વાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓ મુજબ મંડળ ધ્વારા જિલ્લા પસંદગી (ફાળવણી) કરવામાં આવશે, જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

(૭) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-**PRHRDD/MSM/e-File/14/2023/4629/section-kh** તા.૨૯-૦૯-૨૦૨૩થી મંડળને મોકલવામાં આવેલ "રીવાઇઝ માંગણાપત્રકો" મુજબ જિલ્લા પંચાયત વાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓનું પત્રક મંડળની વેબસાઇટ **https://gpssb.gujarat.gov.in** પર મુકવામાં આવેલ છે.

સ્થળ:- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરી, બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ડી વીંગ સેકટર-૧૦/એ, ગાંધીનગર

"મંડળના આદેશાનુસાર"

તારીખ:-૩૦/૦૯/૨૦૨૩ સચિવ